

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-15■ તા. 27-4-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેકટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# પહલગામ આતંકવાદી હુમલા અંગે આંતરરાષ્ટ્રીય તપાસ થવી જોઈએ, ભારત પર ભરોસો નથીઃ પાકિસ્તાન



જમ્મુ-કાશ્મીરના પહલગામમાં મંગળવારે (૨૨ એપ્રિલ) આતંકવાદીઓએ આડેધડ ફાયરિંગ કરી ૨૬ નિર્દોષોને મોતને ઘાટ ઉતાર્યા બાદ ભારતે આક્રમક કાર્યવાહી કરતા પાકિસ્તાન ફફડી ગયું છે. પાકિસ્તાને સિંધુ જળ સંધિ સસ્પેન્ડ કરવાના સહિતના નિર્ણયો લેતા પાકિસ્તાનને અનેક નેતાઓ ગભરાઈ ગયા છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસિન નકવી ભારતની કાર્યવાહી અંગે મોટું નિવેદન આપ્યું છે.

પાકિસ્તાન ટેલિવિઝન કોર્પોરેશન (ફ)એ મોહસીન નકવીને ટાંકીને કહ્યું છે કે, 'પહલગામ હુમલાની પાકિસ્તાન કડક શબ્દોમાં નિંદા કરે છે અને નિષ્પક્ષ આંતરરાષ્ટ્રીય તપાસની માંગ કરી રહ્યા છે. પાકિસ્તાનને ભારતની તપાસ પર ભરોસો નથી. પાકિસ્તાન નિષ્પક્ષ તપાસમાં સંપૂર્ણ સહયોગ આપશે. બોલ અને ભારતના પક્ષમાં છે.'

વાસ્તવમાં પહલગામ હુમલા બાદ ભારતે પાકિસ્તાન પર આતંકવાદને સમર્થન આપવાનો આક્ષેપ કરી સિંધુ જળ સંધિ સસ્પેન્ડ કરી દીધી છે. ત્યારબાદ પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાજ શરીફે ભારતને પોકળ ધમકી આપી છે અને કહ્યું છે કે, 'ભારત પાકિસ્તાનનું પાણી રોકવાની હિંમત ન કરે. જો ભારત પાણી અટકાવશે તો પાકિસ્તાન સેના જડબાતોડ જવાબ આપશે. પાકિસ્તાનના પાણીને અટકાવવાનો અથવા વાળવાના કોઈપણ પ્રયાસ કરાશે તો સંપૂર્ણ જવાબ અપાશે.'

પાકિસ્તાની નેતા બિલાવલ ભુટ્ટોએ ભારતને જાહેરમાં ધમકી આપી છે. તેણે કહ્યું કે, 'હું આ સિંધુ નદી સાથે ઉભો છું અને ભારતને સંદેશ આપું છું કે સિંધુ નદી અમારી છે, કાં તો અમારું પાણી આ નદીમાં વહેશે અથવા તમારું લોહી વહેશે. ભારતે પહલગામ હુમલા માટે પાકિસ્તાનને દોષી ઠેરવ્યું છે. પોતાની નબળાઈઓ છુપાવવા અને પોતાના લોકોને મૂર્ખ બનાવવા માટે, (ભારતીય વડા પ્રધાન) મોદીએ ખોટા આરોપો લગાવ્યા છે અને સિંધુ જળ સંધિને એકપક્ષીય રીતે સ્થગિત કરી દીધી છે, જેના હેઠળ ભારતે સ્વીકાર્યું છે કે સિંધુ પાકિસ્તાનની છે.

## પાકિસ્તાનમાં ઘૂસી કાર્યવાહી કરશો તો પણ અમારો ટેકો...', પહલગામ હુમલા અંગે બ્રિટનનું રિએક્શન

બ્રિટનના સાંસદોએ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલાની નિંદા કરી છે. બ્રિટનના સાંસદ તનમનજીત સિંહ ઢેસીએ આશા વ્યક્ત કરી કે હુમલા પાછળના ગુનેગારોને ટૂંક સમયમાં કાર્યવાહી કરાશે. સંસદમાં પોતાના ભાષણમાં તનમનજીત સિંહ ઢેસીએ નાગરિકો પર થયેલા આતંકવાદી હુમલા પર દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે, 'હું પીડિતોના પરિવારો માટે પ્રાર્થના કરી રહ્યા છે.' નોંધનીય છે કે, પહલગામમાં થયેલા આતંકી હુમલામાં ૨૮ લોકોનાં મોત થયા છે.આ દરમિયાન બ્રિટનના સાંસદ બોબ બ્લેકમેને ભારતનું સમર્થન કરતાં એક સશક્ત અને ભાવનાત્મક નિવેદન આપતાં કહ્યું કે ભારત સરકાર હવે જે પણ પગલું ભરવા ઈચ્છે ભલે પછી તે સૈન્ય કાર્યવાહી કેમ ના હોય અમે તેને પૂરેપૂરો ટેકો આપીશું. અમે



અહીં દુઃખ વહેંચવા એકઠા થયા છીએ. આતંકી હુમલો સમગ્ર માનવતા પર હુમલો ગણાય છે. ધાર્મિક આધાર પર નફરતને સાંખી નહીં લેવાય. મારો વ્યક્તિગત અભિપ્રાય છે કે ભારત જે કોઈ કાર્યવાહી કરે તેને આપણે ટેકો આપવો જોઈએ ભલે પછી એલઓસી પાર કરીને સૈન્ય કાર્યવાહી કેમ ન કરવામાં આવે.બ્રિટનના સાંસદ તનમનજીત સિંહ ઢેસીએ કહ્યું કે, 'આ અઠવાડિયે પોપ ફ્રાન્સિસના દુઃખદ અવસાન પર આપણે શોક વ્યક્ત કરી રહ્યા છીએ, પરંતુ આ અઠવાડિયે જમ્મુ અને કાશ્મીરમાં નિર્દોષ પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાથી પણ હું ખૂબ જ દુઃખી છું. પીડિતોના પરિવારો મારી પ્રાર્થનામાં છે, અને મને નિષ્ઠાપૂર્વક આશા છે કે ગુનેગારોને ટૂંક સમયમાં સજા મળશે.'યુકે હાઉસ ઓફ કોમન્સના નેતા લ્યુસી પોવેલે પહેલગામમાં થયેલા હુમલાને કાયરતાનું કૃત્ય ગણાવ્યું અને કહ્યું કે, 'યુકે સરકારની સંવેદનાઓ અસરગ્રસ્ત લોકો સાથે છે, ખાસ કરીને જેમણે પ્રિયજનો ગુમાવ્યા છે. કાશ્મીરમાં આ ભયાનક આતંકી હુમલો હતો. તે એક કાયરતાપૂર્ણ કૃત્ય હતું અને મારી અને સમગ્ર સરકારની સંવેદનાઓ અસરગ્રસ્તો સાથે છે, ખાસ કરીને જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે.'યુકેના સાંસદોની હાજરીએ આતંકવાદની નિંદા કરવા અને આતંકવાદ સામે એકતા સાધવાની આપણી સહિયારી પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો. આ કાર્યક્રમમાં યુકેભરમાંથી ભારતીય ડાયસ્પોરા હાજર રહ્યા હતા, જેઓ પીડિતો અને તેમના પરિવારો સાથે શ્રદ્ધાંજલિ આપવા અને એકતા વ્યક્ત કરવા આવ્યા હતા.

## પહલગામ બાદ હવે પાકિસ્તાનમાં મોટો આતંકી હુમલો, લીડર સહિત ૩ના મોત

પહલગામ હુમલા પછી પાકિસ્તાનના સંબંધો ભારત સાથે બિલકુલ બગડી ગયા છે. એવામાં હવે ગુરુવારે પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતના કલાત જિલ્લામાં એક ખાનગી વાહન લેન્ડમાઈન પર અથડાતાં જમિયત ઉલેમા-એ-ઈસ્લામ ના નેતા અબ્દુલ્લા સહિત ત્રણ લોકો માર્યા ગયા અને પાંચ અન્ય ઘાયલ થયા. આ માહિતી પ્રાંતીય સરકારના પ્રવક્તા શાહિદ રિંદે આપી હતી. પ્રવક્તા રિંદે જણાવ્યું હતું કે, 'આ ઘટના ચોરી બુર કાપુટો વિસ્તારમાં બની હતી, જ્યાં વાહન એક લેન્ડમાઈન પર અથડાયું હતું. લૈવીઝ ફોર્સ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી.' મૃતકોમાં ત્રૈં નેતા અને વોર્ડ કાઉન્સિલર અબ્દુલ્લાનો પણ



સમાવેશ થાય છે. તાજેતરના મહિનાઓમાં બલુચિસ્તાન અને ખૈબર પખ્તુનખ્વા પ્રાંતોમાં આતંકવાદી હુમલાઓમાં વધારો થયો છે. આ પહેલા ૧૫ એપ્રિલના રોજ માસ્તુંગ જિલ્લામાં બલુચિસ્તાન કોન્સ્ટેબ્યુલરીના વાહનને નિશાન બનાવીને થયેલા વિસ્ફોટમાં ત્રણ પોલીસકર્મીઓ શહીદ થયા હતા અને ૧૬ થી વધુ ઘાયલ થયા હતા.પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ફોર કોન્ફ્લિક્ટ એન્ડ સિક્યુરિટી સ્ટડીઝના અહેવાલ મુજબ, માર્ચ ૨૦૨૫માં આતંકવાદી હુમલાઓની સંખ્યા ૧૦૦ થી વધુ થઈ ગઈ, જે નવેમ્બર ૨૦૧૪ પછી સૌથી વધુ છે. ગ્લોબલ ટેરરિઝમ ઈન્ડેક્સ ૨૦૨૫માં પાકિસ્તાન બીજા ક્રમે છે.

## ભાવનગરમાં ઘીના નમૂના સબ સ્ટાન્ડર્ડ અને મીસબ્રાન્ડ થતા વેપારી સહિતને દંડ

ભાવનગરઃ ભાવનગર મહાપાલિકાના ફૂડ વિભાગે ખાદ્યપદાર્થના નમૂના લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલ્યા હતા, જેમં એક ઘીનો નમૂનો સબ સ્ટાન્ડર્ડ આવ્યો હતો અને બે ઘીના નમૂના મીસ બ્રાન્ડ આવ્યા હતા તેથી કોર્ટે કુલ રૂા. ૨.૩૩ લાખનો દંડ ફટકાર્યો છે, જયારે પામોલીન ઓઈલનો નમૂનો સબ સ્ટાન્ડર્ડ જાહેર થતા કાર્યવાહી હાથ ધરાઈ છે.

ભાવનગર મહાનગરપાલીકાના ફૂડ વિભાગ દ્વારા ગત જાન્યુઆરી માસથી અત્યાર સુધીમાં ખાદ્યપદાર્થનું વેચાણ કરતા વેપારીઓની પેઢીઓની સઘન તપાસણી કરવાની ઝુંબેશ ચાલુ છે. આ ઝુંબેશ દરમિયાન શહેરના વિવિધા વિસ્તાર જેવા કે, વાઘાવાડી રોડ, સરદારનગર, શાસ્ત્રીનગર, કાળાનાળા સહિતના વિસ્તારમાં આવેલ મીઠાઈ, ફરસાણ તથા અન્ય ખાદ્ય પદાર્થનું વેચાણ કરતા વેપારીઓની પેઢીઓ પર સ્થળ તપાસ કરી તપાસણી દરમિયાન શંકાસ્પદ ખાદ્ય ચીજ જેવી કે આઈસ્કીમ, ગુંદરપાક, અડદિયા સહિતના ખાદ્યચીજોના અંદાજિત ૧૦૦ જેટલા નમૂનાઓ લઈ અલગ અલગ સરકારી પ્રયોગશાળામાં મોકલી આપવામાં આવેલ છે, જે પૈકી જે જે રિફાઈન્ડ પામોલીન ઓઈલનો નમૂનો સબ-સ્ટાન્ડર્ડ જાહેર થતા ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

## આતંકીઓનો સફાયો કરી નાખો, અમે તમારી સાથે છીએ...' ભારતને અમેરિકાનો મળ્યો મજબૂત ટેકો



અમેરિકાએ ભારતમાં થયેલા આતંકવાદી હુમલાની કડક નિંદા કરી છે અને કહ્યું છે કે આ દુઃખદ ઘડીમાં અમેરિકા ભારતની સાથે ઉભું છે. અમેરિકાના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ટેમી બ્રુસે કહ્યું, 'પ્રમુખ ટ્રમ્પ અને વિદેશમંત્રી રુબિયોએ પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું હતું કે અમેરિકા ભારતની સાથે ઉભું છે અને આતંકવાદના દરેક કૃત્યની કડક નિંદા કરે છે.'તેમણે કહ્યું, 'આ હુમલામાં જીવ ગુમાવનારાઓ માટે અમે પ્રાર્થના કરીએ છીએ, ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરીએ છીએ અને ઈચ્છીએ છીએ કે આ જઘન્ય હુમલાના ગુનેગારોને ન્યાયના કઠઘરામાં લાવવામાં આવે.'પહલગામ હુમલામાં પાકિસ્તાનની ભૂમિકા અંગે અમેરિકા તરફથી સ્પષ્ટ ટિપ્પણીની માગ કરાતા પ્રવક્તાએ કહ્યું કે અમેરિકા પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે. ટેમી બ્રુસે કહ્યું, 'આ એક ઝડપથી બદલાતી પરિસ્થિતિ છે અને અમે તેના પર ખૂબ નજીકથી નજર રાખી રહ્યા છીએ.'તેમણે કહ્યું, 'અમે હાલમાં કાશ્મીર કે જમ્મુની પરિસ્થિતિ પર કોઈ સત્તાવાર વલણ અપનાવી રહ્યા નથી.' હું હમણાં આનાથી વધુ કંઈ કહી શકું તેમ નથી. તમને જણાવી દઈએ કે મંગળવારે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં એક મોટો આતંકવાદી હુમલો થયો હતો. આ હુમલામાં ૨૮ નાગરિકો માર્યા ગયા હતા, જેમાંથી મોટાભાગના પ્રવાસીઓ હતા જેઓ અહીં રજાઓ ગાળવા આવ્યા હતા.

## ટ્રમ્પનો ૧૦૦ દિવસનો રિપોર્ટ કાર્ડ : મોંઘવારી બેકાબૂ, વાયદા પૂરા કરવામાં અમેરિકન પ્રમુખ નિષ્ફળ!

ડૉનાલ્ડ ટ્રમ્પે તેઓની સેકન્ડ ટર્મ મજબૂત આર્થિક એજન્ડા સાથે શરૂ કરી, પરંતુ તેઓનાં વહીવટી તંત્રે ઘણો નિમ્ન વળાંક લીધો છે. રોઈટર્સ/ઈપ્સોસનો છેલ્લો સર્વે દર્શાવે છે કે, ટ્રમ્પે પદભાર સંભાળ્યો તે પૂર્વે લાખ્ખો અમેરિકનો માનતા હતા કે તેવો અને તેમનું વહીવટીતંત્ર ફૂગાવો અને મંદીના પ્રશ્નો હલ કરી શકશે. પરંતુ ૧૦૦ દિવસનાં તેઓનાં તંત્રનાં લેખાં જોખાં આશ્ચર્યજનક નીચો વળાંક દર્શાવે છે.



પ્રશ્ન તે છે કે ૧૦૦ દિવસ જ શા માટે ? તો તેનું કારણ તે છે કે તે સમય એટલો સ્પષ્ટ છે કે તે દરમિયાન કોઈ પણ પ્રમુખે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ વિષે સ્પષ્ટ માહિતી મળી શકે છે. સ્પષ્ટ ગણતરી પણ માંડી શકાય છે. આ સિદ્ધાંત માત્ર અમેરિકાના પ્રમુખને જ નહીં કોઈ પણ સરકારના વડા કે કોઈપણ સેલિબ્રિટીની કાર્યવાહીને લાગુ પડે છે.

ટ્રમ્પે ચૂંટણી પ્રચારમાં ઘણાં ઘણાં વચનો આપી દીધાં. તેમાં મહત્ત્વનું વચન અમેરિકન અર્થતંત્રને ગતિશીલ કરવાનું હતું, જે કરવામાં તેઓ નિષ્ફળ રહ્યા છે. માત્ર ૩૭ ટકા જ અમેરિકનો માને છે કે, તેઓ યોગ્ય માર્ગે ચાલે છે તેમ આ સર્વે દર્શાવે છે.ટ્રમ્પે પદભાર સંભાળ્યો ત્યારે ૪૨ ટકા અમેરિકનો માનતા હતા કે ટ્રમ્પ બરોબર કામ કરે છે. જોકે આવું માનનારા લોકોમાં ૧૦૦ દિવસમાં જ સીધો ૫ ટકાનો ઘટાડો થયો છે. તેઓનું રેટિંગ જનસામાન્યમાં ૩૭ ટકા રહ્યું છે. આનું કારણ વધતો જતો ફુગાવો વધતી જતી મોંઘવારી અને વધતી જતી બેરોજગારી છે તેમ નિષ્ણાતોનું કહેવું છે.

જન ફરિયાદ



## તંત્રી લેખ......

# ફોરેક્સ રિઝર્વમાં સોનાનો હિસ્સો વધીને ૧૨ ટકાની નજીક

અમદાવાદ : રિઝર્વ બેંકના તાજેતરના આંકડા અનુસાર, માર્ચ દરમિયાન દેશનો સોનાનો ભંડાર ૦.૫૭ ટન વધીને ૮૭૯.૫૮ ટન થયો છે. આ રીતે, આ વર્ષના પ્રથમ ક્વાર્ટર દરમિયાન, આરબીઆઈએ ૩.૩૭ ટન સોનું ખરીદ્યું. સતત ખરીદી અને ભાવમાં અદભૂત વધારાને પગલે, રિઝર્વ બેંકના કુલ વિદેશી વિનિમય અનામત (ફોરેક્સ અનામત)માં આ કિંમતી ધાતુનો હિસ્સો વધીને ૧૧.૭ ટકાની સર્વકાલીન ઉચ્ચતમ સપાટીએ પહોંચી ગયો છે. ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં, આ ૫૭.૫ ટન છે, એટલે કે, આશરે ૪ ટકા વધુ છે. ૨૯ માર્ચ, ૨૦૨૪ના રોજ દેશની કુલ ગોલ્ડ રિઝર્વ ૮૨૨.૦૯ ટન હતી અને તે સમયે ફોરેક્સ રિઝર્વમાં તેનો હિસ્સો માત્ર ૮ ટકા હતો. ગયા વર્ષે જાન્યુઆરીથી નવેમ્બર સુધીમાં આરબીઆઈએ સરેરાશ ૬.૬ ટન સોનું ખરીદ્યું હતું.આરબીઆઈ ગયા વર્ષે જાન્યુઆરીથી તેના સોનાના ભંડારમાં સતત વધારો કરી રહી છે. ડિસેમ્બર ૨૦૨૪ અને ફેબ્રુઆરી ૨૦૨૫ને બાદ કરતાં બાકીના ૧૩ મહિનામાં આરબીઆઈએ સરેરાશ ૬.૩ ટન સોનું ખરીદ્યું હતું. નિષ્ણાંતોના મતે બદલાતા ભૌગોલિક-રાજકીય પરિદ્રશ્યને જોતા ભારત જેવા વિકાસશીલ દેશો તેમના સોનાના ભંડારમાં સતત વધારો કરી રહ્યા છે. ફોરેક્સ રિઝર્વમાં સોનાનો હિસ્સો વધારવો એ પણ ફોરેક્સ રિઝર્વમાં વિવિધતા લાવવાની વ્યૂહરચનાનો એક ભાગ છે.અગાઉ, રિઝર્વ બેંકે ૨૦૨૪માં સતત સાતમા વર્ષે તેના સોનાના ભંડારમાં વધારો કર્યો હતો. ગયા વર્ષે, રિઝર્વ બેંક દ્વારા ૭૨.૬ ટન સોનાની ખરીદી કરવામાં આવી હતી. વાર્ષિક ધોરણે, ૨૦૦૧ પછી મધ્યસ્થ બેંક દ્વારા સોનાની આ ત્રીજી સૌથી મોટી ખરીદી છે. ૨૦૨૧ અને ૨૦૦૯માં આના કરતાં વધુ ખરીદી જોવા મળી હતી. આરબીઆઈએ ૨૦૨૧માં ૭૭ ટન સોનું ખરીદ્યું હતું જ્યારે ૨૦૦૯માં ૨૦૦ ટન સોનું ખરીદ્યું હતું.



તા.૨૬-૪-૨૦૨૫ શનિવારના રોજ મનોદિવ્યાંગ બાળકોની સંસ્થા અમદાવાદ નવાવાડજ અખબાર નગર સર્કલ નજીક વિસ્તારમાં આવેલ સ્મિત ચાઈલ્ડ ડેવલપમેન્ટ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટના મનોદિવ્યાંગ બાળકોએ ગાયત્રી પરિવાર નારણપુરાના સહયોગ દ્વારા કાશ્મીર પ્રવાસ યાત્રા દરમ્યાન આતંકવાદી હુમલામાં દિવગંત થયેલા નિર્દોષ યાત્રાળુઓને પરમ કૃપાળું પરમાત્મા આત્મ શાંતિ અર્પે અને તેમના સ્વજનોને સહન કરવાની હિમ્મત બળ પ્રાપ્ત થાય તેવી સહૃદયથી શ્રધ્ધાપૂર્વકની સમૂહ પ્રાર્થના દ્વારા ગાયત્રી મંત્ર,મહામૃત્યુંજ્ય મંત્રોચ્ચાર સાથે મીણબત્તીના જ્યોતિ પ્રકાશમાં સંસ્થા સંચાલક ચંદ્રસિંહ ચૌહાણ,ગાયત્રી પરિવારના હસમુખભાઈ પટેલ,લલીતાબેન પટેલ,સ્ટાફ મિત્રોએ સાથે મળી શ્રધ્ધાજંલિ સમર્પિત કરી હતી.

# શ્રીનગર માટે એપ્રિલના આખરી દિન સુધીની ફલાઈટ બુકીંગના કેન્સલેસન અથવા રીશેડ્યૂલ માટેના ચાર્જિસમાંથી મુક્તિ અપાઈ

નવી દિલ્હી,

મંગળવારે જમ્મુ-કાશ્મીરના પહલગામમાં પ્રવાસીઓ પર ભયાનક આતંકી હુમલો થયો હતો જે બાદ એર ઈન્ડિયા દ્વારા હવાઈ યાત્રીઓ માટે મોટી જાહેરાત કરવામાં આવી છે. જેમાં એર ઈન્ડિયા દ્વારા શ્રીનગર અવર-જવર કરનારા યાત્રીઓ માટે કેન્સલેશન અને રીશેડ્યૂલ ચાર્જ હટાવી દીધા છે. આ સુવિધા ૩૦, એપ્રિલ સુધી બુક કરેલી એર ટિકિટ પર લાગુ થશે. સાથે જ એર ઈન્ડિયા દ્વારા ૨૩, એપ્રિલથી શ્રીનગરથી દિલ્હી અને મુંબઈ માટે બે વધારાની ફ્લાઈટનું એલાન પણ કરવામાં આવ્યું હતું. પહલગામમાં લશ્કર એ તૌયબા સાથે જોડાયેલા આતંકીઓએ દક્ષિણ કાશ્મિરના પગલગામમાં બૈસરણ ઘાટીમાં પ્રવાસીઓ પર હુમલો કરી દીધો હતો. જેમાં ૨૬ લોકોના મોત નિપજ્યા છે અને ૧૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. હમલાની જવાબદારી ધ રેજીસ્ટેંસ ફ્રંટ નામના સંગઠને લીધી છે.એર ઈન્ડિયા દ્વારા ટ્વીટર (એક્સ) પર એક પોસ્ટ મુકીને જણાવ્યું હતું કે, શ્રીનગર અવવા-જવા માટે એપ્રિલના આખરી દિન સુધીની ફ્લાઈટ બુકીંગના કેન્સલેસન અથવા રીશેડ્યૂલ માટેના ચાર્જિસમાંથી મુક્તિ આપવામાં આવીછે. કોઈ પણ પ્રકારની મદદ માટે યાત્રીઓ ૬૯૩૨૯૩૩૩ અને૦૧૧ ૬૯૩૨૯૯૯૯ નંબર પર સંપર્ક કરી શકે છે.

# જમ્મુ-કાશ્મીર સરકારે પહલગામ આતંકી હુમલામા મૃતકોના પરિજનોને રૂ. ૧૦ લાખ, વધુ ઈજાગ્રસ્તને ૨ લાખ અને સામાન્ય ઈજાગ્રસ્તને ૧ લાખની સહાય જાહેર

શ્રીનગર,

ભારતના જમ્મુ કાશ્મીરમાં આવેલ પ્રખ્યાત પર્યટન સ્થળ પહલગામમાં મંગળવારે (૨૨ એપ્રિલ) એક ભયાનક અને નિર્દય આતંકવાદી હુમલો થયો હતો. જેમાં ૨૬ જેટલા નિર્દોષ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. આ દરમિયાન જમ્મુ-કાશ્મીર સરકારે પહલગામ આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિજનોને ૧૦-૧૦ લાખ રૂપિયા તથા ગંભીર રીતે ઈજાગ્રસ્તોને ૨-૨ લાખ રૂપિયા તેમજ સામાન્ય ઘાયલોને ૧-૧ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનું એલાન કર્યું છે.

નિર્દોષ નાગરિકો સાથે ક્રૂરતાના આ બર્બર અને મૂર્ખતાપૂર્ણ કૃત્ય માટે આપણા સમાજમાં કોઈ સ્થાન નથી. અમે તેની કડક શબ્દોમાં નિંદા કરીએ છીએ. અમે ગુમાવેલા અનમોલ જીવન માટે શોક વ્યક્ત કરીએ છીએ.મુખ્યમંત્રીએ કહ્યું કે કોઈપણ વળતર પ્રિયજનોના નુકસાનની ભરપાઈ ન કરી શકે, પરંતુ સમર્થન અને એકજુટતાના પ્રતીકના રૂપમાં, જમ્મુ-કાશ્મીર સરકાર મૃતકોના પરિવાર માટે ૧૦-૧૦ રૂપિયાના વળતરની જાહેરાત કરીએ છીએ. મુખ્યમંત્રીએ ગંભીર રૂપથી ઈજાગ્રસ્તો માટે ૨ લાખ રૂપિયા અને સામાન્ય ઘાયલોને ૧ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરીએ છીએ. મુખ્યમંત્રી ઉમર અબ્દુલાએ કહ્યું હતું કે, મૃતકોના પાર્થિવ શરીરને સન્માનજનક રીતે તેમના ઘર સુધી પહોંચાડવા માટે તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ઈજાગ્રસ્તોને શ્રેષ્ઠ મેડિકલ સુવિધા પુરી પાડવામાં આવી રહી છે અમારી સંવેદનાઓ આઘાતમાં ડૂબેલા પરિવારો સાથે છે. આ દુખની ઘડીમાં તમારી સાથે ઉભા છીએ.

# તુર્કીના ઇસ્તંબુલમાં ૬.૨ની તીવ્રતાનો મોટો ભૂકંપ

ઈસ્તંબુલ,

તુર્કીના ઈસ્તંબુલમાં લગભગ બપોરે ૩.૧૯ વાગ્યે એક શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો જેની તીવ્રતા ૬.૨ ની રિક્ટર સ્કેલ પર નોંધાઈ હતી, આ ભૂકંપનો અનુભવ માત્ર તુર્કીમાં જ નહીં પરંતુ બલ્ગેરિયા, ગ્રીસ અને રોમાનિયા જેવા પડોશી દેશોમાં પણ લોકો ભય નો માહોલ જોવા મળ્યો હતો. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૨ માપવામાં આવી હતી, જેનું કેન્દ્રબિંદુ ઈસ્તંબુલથી લગભગ ૭૩ કિલોમીટર દૂર હતું. થોડીક સેકન્ડોમાં જ, જોરદાર ભૂકંપના આંચકાથી લોકો પોતાના ઘરો અને ઓફિસોમાંથી બહાર નીકળી ગયા.

આ મામલે તુર્કીના ભૂકંપશાસ્ત્રીય કેન્દ્રએ પુષ્ટિ આપી છે કે ભૂમધ્ય સમુદ્ર ક્ષેત્રમાં પ્લેટોની હિલચાલને કારણે આ ભૂકંપ આવ્યો હતો. ખાસ વાત એ છે કે ભૂકંપની ઊંડાઈ અપેક્ષા કરતા ઓછી હતી, જેના કારણે તેની અસર વિશાળ વિસ્તારમાં અનુભવાઈ હતી. ગ્રીસ અને બલ્ગેરિયાના કેટલાક શહેરોમાં પણ હળવા ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જ્યારે રોમાનિયાના કેટલાક ભાગોમાં લોકોએ ફર્નિચર ધ્રુજતા નોંધ્યા હતા.

મહત્વનું છે કે, તુર્કિયેમાં ૬ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ પણ ભયાનક ૭.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેમાં હજારો લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ ભૂકંપના કલાક બાદ જ તુર્કિયેના અન્ય ૧૧ પ્રોવિન્સમાં પણ તારાજી સર્જાઈ હતી. જેમાં ૫૩૦૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા.તુર્કી નું આપત્તિ વ્યવસ્થાપન એજન્સીઓને એલર્ટ પર રાખવામાં આવી છે અને રાહત અને બચાવ ટીમો સંભવિત અસરગ્રસ્ત વિસ્તારોમાં રવાના કરવામાં આવી છે. ઉપરાંત, ઈમરજન્સી હેલ્પલાઈન નંબરો પણ જારી કરવામાં આવ્યા છે. તે જ સમયે, લોકોને ચેતવણી આપવામાં આવી છે કે હજુ પણ ભૂકંપ પછીના આંચકા આવવાની શક્યતા છે.

# ૩૦ એપ્રિલથી શરૂ થનારી પવિત્ર ચારધામ યાત્રા પહેલા ઉત્તરાખંડમાં સુરક્ષા વ્યવસ્થાને લઈને રાજ્ય સરકાર હાઈ એલર્ટ

દહેરાદૂન,

૩૦ એપ્રિલથી પવિત્ર ચારધામ યાત્રા શરૂ થવા જઈ રહી છે ત્યારે ઉત્તરાખંડ સરકાર દ્વારા સમગ્ર રાજ્યને હાઈ એલર્ટ પર રાખ્યું છે. સંવેદનશીલ વિસ્તારોમાં વધારાનો પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યો છે. સુરક્ષા તપાસ વધુ કડક બનાવવામાં આવી છે. ખરેખર, રાજ્યમાં ૩૦ એપ્રિલથી ચારધામ યાત્રા શરૂ થઈ રહી છે. ભારત અને વિદેશમાંથી મોટી સંખ્યામાં ભક્તો તેમાં ભાગ લેવાના છે. જેને લઈને સરકારે સુરક્ષા વધારી દીધી છે.



ચાર ધામ યાત્રાને કારણે, આ દિવસોમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉત્તરાખંડ પહોંચી રહ્યા છે. આ ઉપરાંત મેદાની વિસ્તારોમાં તાપમાનમાં વધારો થયા બાદ પ્રવાસીઓ પણ પર્વતો પર પહોંચવા લાગ્યા છે. આવી સ્થિતિમાં, દરેકની સલામતી એક મોટો પડકાર બની ગયો છે. પોલીસ અને વહીવટીતંત્ર કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. દરેક વ્યક્તિએ સુરક્ષિત અનુભવવું જોઈએ. ડીજીપી દીપમ સેઠે જણાવ્યું હતું કે પ્રવાસીઓ અને સામાન્ય નાગરિકોની સુરક્ષા અમારી ટોચની પ્રાથમિકતા છે.

ડીજીપીએ કહ્યું કે ઉત્તરાખંડ પોલીસ સામાન્ય લોકોને પણ સતર્ક રહેવા અને કોઈપણ શંકાસ્પદ ગતિવિધિ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવા અપીલ કરી રહી છે. રાજ્યમાં શાંતિ જાળવવા માટે એકતા અને જાગૃતિનો આ સમય છે. પહેલગામ હુમલાએ ફરી એકવાર સુરક્ષા એજન્સીઓને સતર્ક કરી દીધી છે.

# વૈશાલી રાવલ- મને બીજી કોઈ નો ખપે

નવાં વરસની સવારમાં બગલા જેવું પહેરણ, ચોરણી,માથે પાઘડી ને ખભે કામળી નાખી રામલો તૈયાર થતો પોતાની મૂછોને તાવ દઈ રહ્યો હતો. એની કામળીમાં ભરેલા મોતીયાળા મોરલાં જોઈ એનું મન ખુશ થઈ ગયું. મોરલામાં મોતી ગૂંથનારી એની પરણેતર ભૂમા પણ ક્યાં ગાંજી જાય એવી હતી! એ ય હતી રૂપ રૂપનો અંબાર!

ભોમલી અને રામલાનો પ્રેમ તો આખા મલકમાં ચોરે ને ચૌટે ચર્ચાતો. ગામનો બચ્ચો બચ્ચો એમને વ્હાલથી બોલાવતો. સજીધજીને રામલો જ્યારે ભોમલી સામે તીરછી નજરે જોતો ત્યાં ભોમલીના ગાલ રતુંબડા રંગે રંગાતા.

આજના નવલા દિને રામલો ટનાટન તૈયાર થઈ પોતાની ઓરડીમાંથી બહાર નીકળ્યો ત્યાંજ એની મા કમળીની આંખે એની નજર પણ ઉતારી લીધી. એ કમળી ડોશીને પગે પડ્યો. કમળી ડોશી એના ઓવારણાં લેતાં બોલી, " ગગા આ વરહે તારા ગગલાને મારે ખોળે રમાડું એવો અભરખો. "

આ સાંભળતા જ કમાડની ઓથે ઊભેલી ભોમલીને હૈયે ઊંડો નિહાકો નંખાઈ ગયો.લગ્નને પાંચ વરસ થયા પણ હજી હુંધીય મા ન બની શકવાનો રંજ એને કાળજે રોજેરોજ કોરાતો. ગામમાં ખોળા ભરણામાં, લગ્નની વિધીમાંય એને જરા પાછળ રખાતી.

એવે ટાણે એ ગરીબડીનું દુઃખ હૈયે સમાતુ નહીં. રામલાએ કમાડ વાંહે ઊભેલી ભોમલીને સંભળાય એમ જરા જોરથી કીધું, " માડી જગતમાં કેટલાંય બચોળિયા વગરના હોય છે તો શું એ હંધાય જીવતા નથ! "

ત્યાં કમળીએ એને અટકાવતાં કહ્યું, " રામલા જો તને કહી દઉં મારા મરતા પહેલા તારે મારા ઓરતાં પૂરા કરવા જ પડશે. મરતાં પહેલા મારે વારસને પારણે ઝુલાવવા શે અને હાથેથી કોળિયા ભરાવવા શે. "

" માડી તું શાંતાના દીકરાને તો કાલે જ રમાડી આવી તો ખરી! "

"એ પારકું જણસ કહેવાય દીકરીના છૈયા વારસ ના થાય!"

ભોમલીએ પથ્થર એટલા દેવ કરેલા, માનતાઓ માની ,બાધા આખડીઓ કરેલી પણ ખોળાને ખૂંદનારની મનસા હજુ પૂરી થઈ નહોતી. હજુ હમણાં તો એ બેય ધણી ધણિયાણી શહેરના ડોક્ટરને બતાવી આવેલા.




ને આજે કમળી ડોશી નવા દિવસે રામાયણ માંડીને બેઠેલા. રામલાનું મન તો રામ સરખું પણ મગજમાં ભરેલો તાપ લખમણ સરીખો! કમાડ વાંહે ઊભેલી ભોમલી બહાર આવી બેયને શાંત પાડવા ને એ વાતને વળાવા લાગી.

" નવા વર્ષે ક્યાં મા દીકરા આ વાત લઈને બેઠા. હાલો અતારે મહેમાન આવતા હશે પછી નિરાંતે વાત કરશું. "

ત્યાં કમળી ડોશીએ ગર્જી, "તારા શકન જ એવા છે. તું મુઈ મારા છોકરાને છોડ તો વાત કંઈક આગળ વધે. આપણી કોમમાં કંઈ નવું નથ,બીજી કોકના પગરણ મંડાય તો વાત બને. ઓલી પાનલી ક્યારની હેલ લઈને બેઠી સે પણ આ માળો ઉતારવા તૈયાર નથ ને તું એને છોડવા તૈયાર જ નથ. "

રામલાના મગજનો પારો ચડતો જતો હતો. " જો માડી રામે સીતા સિવાય કોઈની જોડે ઘર નહોતું માંડ્યું અને હું પણ! ભોમલી મારો સાહ પ્રાણ સે.વચન જેવું કંઈક હોય કે નહીં."

"આ ભોમલીએ માંડવે તને વસન આપ્યું હતું તારો વંશ આગળ વધારવાનું એનું શું! હું તો કહું છું આજે જ તું પાનલી જોડે ફેરા ફર. ફૈંસલો કર જલ્દી નહીં તો હું તો હાલી જાત્રા એ કાયમ માટે ને પછી આ ખોળિયું આ ઉંબરો વળોટી ઘર માંહે ની આવે!"

"માડી જરા સમજ."

કમળી હવે બરાબર ઉકળી.પોતાની વાત મનાવવા આજે ખરેખરી માંડી હતી. એણે ઝોળી કાઢતાં ક છીંકણીનો ડબ્બો, બે ચાર કમખા ઘાઘરા નાખ્યા, લાઠી પકડી ને હાલતી થઈ.

રામલો પાછળ દોડ્યો. માડી માડી કરતો જાય પણ સાંભળે એ બીજા!

રામલાએ કરગરતા કહ્યું, "માડી મારા પાનલીની હારે ઘર માંડવાથી તને વારસદાર મળી જાય એમ નથ."

" મારે કોઈ વાત સાંભળવી નથ! "

" માડી કહુ સુ હાંભળ! ભોમલીમાં જરાય દોષ નથી તારા જણ્યામાં છે. હવે તું કે મને પાનલી હારે પૈણું તો એય ક્યાંથી વારસ આપી શકવાની છે? "

આટલું સાંભળતાં તો કમળી ડોશીના હાથમાંથી ઝોળી પડી ગઈ, એની છીંકણીનો દાબડો ખુલીને એ ય રગડ્યો ફળિયે. કમળીને હૈયે ફાળ પડી. એના પગ ડગ્યા ત્યાં ભોમલીએ એને ટેકો આપ્યો, " પણ ડોક્ટરે કીધું સે હિંમત રાખજો.ભગવાન સારા દાડા જરૂરથી દેખાડશે એમણે ઈલાજ ચાલુ કરી દીધો છે. તું ચિંત્યા કર મા માડી,આ ભોમલી જેનામાં જરાય દોષ નથી, ઈ તો મારે મને છોડીને જતી રહેશે તો? એણે તો એક જ વાત કીધી એક ભવમાં બે ભવ નો થાય! "

કમલી ડોશીને ખૂબ અહાગરો લાગ્યો. "ભોમલી મને ઘરની માલીપા લઈ જા, મને માફ કરજે દીકરી, તેં મારા ઘણા કવેણ અને ત્રાસ સહન કર્યા."

એટલામાં ડેલીએ ટકોરા પડ્યા. પાનલીની મા ઘરમાં પ્રવેશી." એ જે સી કૃષ્ણ કમળી મા? "

" આવ આવ શકરી સાકર લે! ભૂમા બટા પાણી લાવજે."

પાનલીની મા વિચારમાં પડી ગઈ, " ભોમલી ભૂમા ક્યારથી બની ગઈ? "

એ બેય વાતોએ વળગ્યાં એટલી વારમાં રામલો અંદર ભોમલી પાસે પહોંચ્યો. ભોમલીએ રામલાની પાઘડીનું વળ સરખું કરતા કહ્યું, "તમે આજે ખોટું કાં બોલ્યા? "

મારી ભોમલી,માને હું જાણું અને દાક્તરે ક્યાં આશા છોડી છે? માને શાંત રાખવા આ કરવું પડે એમ હતું બસ અને તને પામ્યા પછી મને તો બીજી કોઈ નો ખપે હોં ભૂમા!

"ખમ્મા મારા કળિયુગના રામજી." કહી બેય એકમેકને ભેટી પડ્યા.

વૈશાલી રાવલ,કાંદિવલી પૂર્વ મુંબઈ

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું